આપણું
# યુજીવીસીએલ
અંક-૮, એપ્રિલ ૨૦૧૧

## કંપની દિન વિશેષાંક

# અત્ર તત્ર સર્વત્ર ઓજસ પાથરે છે યુજીવીસીએલ...



રાષ્ટ્રીય સિદ્ધિઓ




રમતગમત




સામાજિક જાગૃતિ



સંસ્કાર-સંસ્કૃતિ





**આપ સૌની અડગ કાર્યનિષ્ઠાને કારણે આપણી કંપની, લોકોની અપેક્ષાઓ પૂરી કરવામાં સફળ રહી છે. કંપનીની વિવિધ પહેલો અને સિદ્ધો, ઊર્જા ઉપરાંતનાં અન્ય ક્ષેત્રોમાં તેનું યોગદાન વગેરે જોતાં મને વિશ્વાસ છે કે આપણે સિદ્ધિઓનાં હજી વધુ અનેક શિખરો સર કરીશું.**

પ્રિય મિત્રો,

કંપની દિન નિમિત્તે, યુજીવીસીએલ પરિવારના સૌ સભ્યોને મારાં હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ!

આપ જાણો છો તેમ ગુજરાત રાજ્યે વર્ષ ૨૦૦૩માં ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનર્ગઠન કરીને સાત કંપનીઓમાં વિભાજન કર્યુ એ સાથે નવીન વિચારધારાની એક નવી જ દિશા સમગ્ર દેશને મળી. એ દિશામાં આગળ વધતાં, આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રચના કરવામાં આવી અને તારીખ ૧ એપ્રિલ, ૨૦૦૫થી કંપની વાણિજ્ય ધોરણે કાર્યાન્વિત થઈ.

મિત્રો, આપણી કંપની ગુજરાતના સૌથી મહત્ત્વપૂર્ણ વિસ્તારમાં સેવારત છે, એ દૃષ્ટિએ સ્વર્ણિમ ગુજરાતની સર્વાંગી વિકાસલક્ષી હરણફાળમાં ઊર્જારૂપી પ્રાણ પૂરવાની જવાબદારી ઘણે અંશે આપણા શિરે છે. ગુજરાતની વિકાસ યોજનાઓને ગતિ આપતા અનેક ઉદ્યોગો આપણા કાર્યવિસ્તારમાં છે. તેમ, ખેડૂતોનો વિશાળ વર્ગ આપણી સેવાઓ મેળવે છે. ઉત્તર ગુજરાતના મોટા ભાગે ભૂગર્ભજળ આધારિત ખેતી ધરાવતા વિસ્તારમાં ભૂગર્ભજળ વધુ ને વધુ ઊંડાં ઊતરી રહ્યાં હોવાથી ખેડૂતોની આજીવિકા અને સામાજિક સ્થિતિમાં વીજપુરવઠાનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે.

આ બધું ધ્યાને લેતાં, એક સમાજલક્ષી અને સેવાલક્ષી જાહેર ક્ષેત્રની કંપની તરીકે આપણું એ પ્રથમ કર્તવ્ય બને છે કે આપણે આપણા શ્રેષ્ઠ પ્રયાસો થકી, કંપનીનાં ધ્યેયોને આગળ ધપાવવામાં મહત્તમ યોગદાન આપીએ.

મને એ વાતનો આનંદ અને ગૌરવ છે કે આપ સૌની અડગ કાર્યનિષ્ઠાને કારણે આપણી કંપની, લોકોની અપેક્ષાઓ પૂરી કરવામાં સફળ રહી છે. કંપનીની વિવિધ પહેલો અને સિદ્ધિઓ, ઊર્જા ઉપરાંતનાં અન્ય ક્ષેત્રોમાં તેનું યોગદાન વગેરે જોતાં મને વિશ્વાસ છે કે આપણે સિદ્ધિઓનાં હજી વધુ અનેક શિખરો સર કરીશું.

આ ઇ-ન્યુઝલેટર 'આપણું યુજીવીસીએલ' થકી આપણને આપણી કંપનીની પ્રગતિ, સમાચારો તેમ જ કર્મચારીઓ અને પરિવારોના સભ્યોની સિદ્ધિઓ વગેરે જાણવાનું એક સરસ માધ્યમ સાંપડ્યું છે. તેનો આપ શક્ય એટલો વધુ લાભ લેશો અને કંપનીની પ્રગતિમાં યોગદાન આપશો તેવી અપેક્ષા રાખું છું.

ફરી એક વાર કંપનીદિનની શુભેચ્છાઓ સાથે,

Íë. ÃvÕçëØ ÜëëÕëhë આઈએએસ
ચેરમેન, યુજીવીસીએલ



કર્મ પર કરીએ વિશ્વાસ,
એકમેકના હાથ પકડી
ચાલીએ સાથોસાથ,
નાના મોટાં સૌ મળીને
ઉજાળીએ રાષ્ટ્રને આજ.


પ્રિય મિત્રો,

કંપની દિન નિમિત્તે યુજીવીસીએલના બહોળા પરિવારના સૌ સભ્યોને હાર્દિક શુભેચ્છાઓ!

તા. ૧લી એપ્રિલ ૨૦૧૧ના રોજ ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નેજા હેઠળ અસ્તિત્વમાં આવેલ આપણી વીજ વિતરણ, પ્રવહન અને ઉત્પાદન કરતી કંપનીઓએ છેલ્લાં પાંચ વર્ષના ટૂંકા ગાળામાં ગુજરાતના આમુલ પરિવર્તન માટે ભગીરથ પ્રયત્નો આદર્યા છે, જેની સમગ્ર ભારત વર્ષમાં નોંધ લેવાઈ રહી છે ત્યારે સ્વાભાવિક રીતે તેનું આપણે ગૌરવ લઈ શકીએ તેમ છીએ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં વિવિધ કામગીરી સાથે ટીએન્ડડી લોસમાં ઘટાડો, મહેસુલી આવકમાં વધારો, વીજ ગેરરીતિ ડામવા માટેનાં અસરકારક પગલાં, લોક આદાલત દ્વારા મોટા પાયે દાવાઓની પતાવટ, વીજ બચત માટે ખાસ અભિયાન, વીજ સલામતી અંગેની કામગીરી વગેરે પગલાં નોંધપાત્ર રહ્યાં છે.

આવનાર વર્ષમાં વધુ સનિષ્ઠ પ્રયત્નો દ્વારા ઊર્જા ક્ષેત્રે નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી સ્વર્ણિમ ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત થાય તે દિશામાં સમગ્ર દેશને રાહ ચીંધવાની પ્રેરણા પૂરી પાડવાની શક્તિ આપણી તમામ વીજ કંપનીઓને મળે તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી તમામ કર્મચારીઓને કંપની દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.



±. À. äÜë આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

વર્ષ–૧ અંક–૮, એપ્રિલ ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

સિદ્ધિ ........ ૦૫
યુજીવીસીએલની ઐતિહાસિક સિદ્ધિઓનાં લેખાં જોખાં ........ ૦૬
ગુજરાતને પાવર ઇન્ડિયા એક્સિલન્સ એવોર્ડ ........ ૦૬
વાઇબ્રન્ટ ગુજરાતની સફળતામાં ઊર્જા ક્ષેત્રે યુજીવીસીએલના ત્રણ એમઓયુ ........ ૦૭
ઇન્ડિયા પાવર એવોર્ડ ........ ૦૭
આઈ.એસ.ઓ.- ૯૦૦૧: ૨૦૦૮ પ્રમાણપત્ર ........ ૦૮
સામાજિક પહેલ ........ ૦૯
સામાજિક દાયિત્વમાં સતત કાર્યશીલ યુજીવીસીએલ ........ ૦૯
સારસ પક્ષીના સંરક્ષણ માટે કંપનીની સફળ પહેલ ........ ૦૯
ઊર્જાબચત માટે મહિલાઓને જાગૃત કરવા યુજીવીસીએલનું અભિયાન ૧૦
એનએસએસ શિબિરાર્થીઓને વીજલક્ષી માર્ગદર્શન ........ ૧૦
ખેડૂતો માટે એનર્જી એફિશિયન્ટ ઇરિગેશન કાર્યક્રમ – પાલનપુરની પહેલ ........ ૧૧
વીજકર્મચારીઓએ તાનારીરી મહોત્સવને ઉજાળ્યો ........ ૧૧
ઉજવણી ........ ૧૨
ઊર્જાશક્તિ માસની ઉજવણીનું રેખાચિત્ર ........ ૧૨
સ્વર્ણિમ ગુજરાતમાં ઑગસ્ટ માસને ઊર્જાશક્તિ માસ તરીકે ઉજવ્યો ૧૨
ઊર્જા શક્તિ માસ ઉજવણીમાં યુજીવીસીએલ દ્વારા ઉત્સાહપૂર્વક યોગદાન ........ ૧૩
વીજચોરી સામાજિક દૂષણ : વિદ્યાર્થી દ્વારા નિબંધ ........ ૧૩
સંરક્ષણ ........ ૧૪
ઊર્જા સંરક્ષણ માટે વિવિધ સર્કલ ઓફિસમાં પ્રવૃત્તિ ........ ૧૪
વીજબચત કાર્યક્રમોની ઝલક ........ ૧૪
રમતગમત-રંગારંગ ........ ૧૬
વીજક્ષેત્રે જ નહીં, અન્ય ક્ષેત્રોમાં પણ વિશ્વવિક્રમ સ્થાપવામાં યુજીવીસીએલ આગળ ........ ૧૬
ચેસમાં વિશ્વવિક્રમ બનાવ્યો ........ ૧૬
યુજીવીસીએલના ગરબામાં મહાલી મહિલાઓ ........ ૧૭
રોમાંચક ઈન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ : દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન ........ ૧૮
ઈન્ટર કંપની સંગીત અને નાટ્ય સ્પર્ધામાં યુજીવીસીએલના કર્મચારીઓ ઝળક્યા ........ ૧૮
કાવ્યધારા ........ ૧૯

# યુજીવીસીએલના ચેરમેનને પી.એચ.ડી.ની ડિગ્રી એનાયત



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ચેરમેન શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, આઇએએસને તેમની થિસિસ ''મેનેજમેન્ટ ઓફ ચેન્જ: અ ક્રીટિકલ ઇવેલ્યુએશન ઓફ પાવર સેક્ટર રીફોર્મ્સ એન્ડ રીસ્ટ્રક્ચરિંગ ઓફ ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ (જી.ઈ.બી.)'' માટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા દ્વારા ડૉક્ટર ઓફ ફિલોસોફી (પી.એચ.ડી.) એનાયત થયેલ છે.

એમ. એસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના ડીન પ્રોફેસર શ્રી કિરણ જોશીના માર્ગદર્શન હેઠળ શ્રી મહાપાત્રએ આ સિદ્ધિ હાંસલ કરેલ છે.

શ્રી મહાપાત્ર આઇએએસની ૧૯૮૬ બેચના ગુજરાત કેડરના એક વરિષ્ઠ સભ્ય છે અને તેઓ પાસે ઊર્જા વિભાગમાં કામ કરવાનો ઘનિષ્ટ અનુભવ છે.

ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડના મેમ્બર (એડમિનિસ્ટ્રેશન) તરીકે શ્રી મહાપાત્રએ ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠનના કાર્યમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો છે જેના ફળસ્વરૂપે ગુજરાતના ઊર્જા ક્ષેત્રની કામગીરીને ખરા અર્થમાં કોર્પોરેટ સ્તરની બનાવવાનું કાર્ય સુગમ બન્યું છે.

તેઓએ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)ના ડિરેક્ટર તરીકે કામ કરેલ છે. શ્રી મહાપાત્રએ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તથા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ચેરમેન તરીકે પણ અત્યંત મહત્વની ભૂમિકા ભજવી છે.

સમગ્ર યુજીવીસીએલ પરિવાર તરફથી હવે ડૉ.મહાપાત્રને હાર્દિક અભિનંદન! ■

# કંપની દિન નિમિત્તે આ વિશેષાંક...

આપણી કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ) તારીખ ૧ એપ્રિલ ૨૦૦૫થી વાણિજ્યિક ધોરણે કાર્યાન્વિત થઈ ત્યારથી આજ સુધીમાં કંપનીએ પ્રગતિનાં અનેક શિખરો સર કર્યાં છે.

કંપની સાથે સંકળાયેલ તમામ ઉચ્ચ અધિકારીઓ તથા તમામ કર્મચારીઓ અને તેમના પરિવારના માટે ખાસ આનંદની વાત એ છે કે કંપનીએ પોતાના કાર્યક્ષેત્રમાં તો ઉજ્જ્વળ કામગીરી કરી જ બતાવી છે, સાથોસાથ અન્ય ક્ષેત્રોમાં પણ એટલું જ પ્રશંસનીય યોગદાન આપ્યું છે.

આપ સૌ જાણો છો તેમ, ગયા વર્ષના ઑગસ્ટથી આપણે એક નવીન પહેલ રૂપે આ ઇ-ન્યૂઝલેટરનું પ્રકાશન હાથ ધર્યું છે, જે કંપની સાથે સંકળાયેલા સૌ કોઈ વચ્ચે માહિતી, અનુભવો અને વિચારોના આદાન-પ્રદાન માટેની એક મહત્ત્વપૂર્ણ કડી બની રહ્યું છે. કંપની દિન નિમિત્તે ન્યૂઝલેટરનો આ અંક એક વિશેષાંક તરીકે તૈયાર કરવામાં આવ્યો છે.

આપણે સૌએ વીતેલા સમય દરમિયાન કઈ કઈ નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી, સામાજિક ક્ષેત્રે આપણું કેવું યોગદાન રહ્યું, તેમ જ રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે આપણે કેવી પ્રવૃત્તિઓ કરી વગેરે બાબતોનો એક હાથવગી સંદર્ભસામગ્રી તૈયાર થાય એ માટે, ઇ-ન્યૂઝલેટરના અગાઉ પ્રકાશિત થયેલા અંકોમાંથી કેટલીક માહિતી અને લેખો તારવીને આ અંકમાં રજુ કરવામાં આવી છે.

આશા છે આપ સૌને આ પ્રયાસ ગમશે.

આ વિશેષાંકને નિમિત્ત બનાવીને આપ સૌને એક ખાસ વિનંતી કરવાની છે - આ ઇ-ન્યૂઝલેટર આપણા સૌનો છે. આપણી કંપનીની કામગીરી, કોઈ ખાસ ક્ષેત્રમાં થયેલી નોંધપાત્ર પ્રગતિ વગેરે વિશે આપના અનુભવો કે વિચારો તેમ જ, અન્ય ક્ષેત્રે આપની તથા આપના પરિવારજનોની વ્યાવસાયિક કે અન્ય સિદ્ધિઓ, કવિતાઓ, ચિત્રો, પ્રેરક અનુભવો કે પ્રસંગો વગેરે મોકલતા રહેશો તો આ ન્યૂઝલેટર હજી વધુ રસપ્રદ અને ઉપયોગી બનશે.



# યુજીવીસીએલની ઐતિહાસિક સિદ્ધિઓનાં લેખાં જોખાં

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વર્ષોવર્ષ નવી નવી સિદ્ધિઓ મેળવીને પ્રગતિના પંથે જઇ રહી છે. કંપની દિનના વિશેષ અંકમાં ગત વર્ષમાં કંપનીએ મેળવેલી સિદ્ધિઓ વિશે ટૂંકાણમાં જાણીએ...**

## ગુજરાતને પાવર ઈન્ડિયા એક્સિલન્સ એવોર્ડ એનાયત

ઊર્જા ક્ષેત્રે અવનવી સિદ્ધિઓનાં નવાં સોપાનો સર કરીને સમગ્ર દેશમાં ગુજરાત નંબર વન બન્યું છે. ગુજરાતને છેલ્લાં ૬ વર્ષ દરમિયાન ઊર્જા ક્ષેત્રે યશસ્વી સિદ્ધિઓ થકી કુલ ૨૭ એવોર્ડ્ઝ મળ્યા છે તેમાં પાવર ઈન્ડિયા એક્સિલન્સ એવોર્ડ - ૨૦૧૦ માટે ગુજરાતની પસંદગીથી સફળતાના મુગટ પર એક વધુ પીંછું ઉમેરાયું છે.

મુંબઇમાં યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય કક્ષાના સમારોહમાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના વરદ હસ્તે પાવર ઇન્ડિયા એક્સિલન્સ એવોર્ડ - ૨૦૧૦ ગુજરાતના ઊર્જા રાજ્યમંત્રી શ્રી સૌરભભાઇ પટેલને આપવામાં આવ્યો હતો.

આ ગૌરવવંતો એવોર્ડ સ્વીકારતાં શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે ''વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધીમાં ૬ વર્ષના સમયગાળામાં ગુજરાત રાજ્યે આ એવોર્ડ ચોથી વાર પ્રાપ્ત કર્યો છે અને તે માટે મને ગર્વ છે.''

સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની રાહબરી હેઠળ ગુજરાત રાજ્યે ઊર્જા ક્ષેત્રે વિવિધ કામગીરીઓમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે જેની દેશમાં વધુ એક વાર નોંધ લેવાઇ છે અને ઇન્ડિયા ટેક ફાઉન્ડેશન દ્વારા ઊર્જા ક્ષેત્રે સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઊર્જામંત્રીએ જણાવ્યું કે ઇ-ઊર્જા જેવી અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા માનવસંપદા, નાણા અને માલ-સામાનનો કાર્યક્ષમ ઉપયોગ થવાના કારણે ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે અને તેના કારણે ગ્રાહકોના સંતોષમાં વધારો થયો છે. પ્રજાલક્ષી સરકાર દ્વારા પ્રજા કલ્યાણકારી



અનેક પગલાં લેવાયાં છે અને તેની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઇ છે.

અંતમાં રાજ્ય ઊર્જા મંત્રીએ કહ્યું હતું કે રાજ્યને ઊર્જા ક્ષેત્રે છેલ્લાં ૬ વર્ષોમાં પ્રાપ્ત થયેલા ૨૭ એવોર્ડ્ઝ સમગ્ર ગુજરાતની પ્રજાએ ગૌરવ લેવા જેવી બાબત છે. તે સાથે તેમણે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે સબળ નેતૃત્વ હેઠળ પ્રજાકીય સહયોગ થકી હજુ પણ વધુ સારી કામગીરી કરવા રાજ્યનું ઊર્જા તંત્ર કટિબદ્ધ છે, અને રહેશે. ■

## ICWAI તરફથી ગુડ પરફોર્મન્સ એવોર્ડ

યુજીવીસીએલને ICWAI તરફથી પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ - એક્સિલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ - ૨૦૦૯નો 'ગુડ પરફોર્મન્સ એવોર્ડ' આપવામાં આવ્યો.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICWAI) વર્તમાન કોસ્ટ મેનેજમેન્ટ પ્રેક્ટિસ અને કોસ્ટ મેનેજમેન્ટ માટે નવી ટેકનિકો અને સાધનો ઉપલબ્ધ કરાવે છે. સંસ્થાના હેતુને ધ્યાનમાં રાખતાં ICWAI દ્વારા ICWAI 'નેશનલ એવોર્ડ ફોર એક્સિલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ'ની શરૂઆત કરવામાં આવી છે. એવોર્ડ માટે એક એવી પદ્ધતિ અપનાવવામાં આવી છે જેમાં કોસ્ટ મેનેજમેન્ટ પ્રેક્ટિસને લગતી એક પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી છે. આ પ્રશ્નાવલિ વિવિધ સંસ્થાનો તરફથી આવ્યા પછી



સંસ્થાના વિવિધ વ્યાવસાયિકો નિર્ધારિત માનકોના આધારે કંપનીઓને શોર્ટલિસ્ટ કરે છે. સ્ક્રીનિંગ કમિટિ તરફથી શોર્ટલિસ્ટ થયા પછી ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ, જસ્ટિસ શ્રી જે. એસ. વર્માના નેતૃત્વમાં રચાયેલી જ્યુરી દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

સ્ક્રીનિંગ કમિટિએ યુજીવીસીએલને એવોર્ડ માટે પસંદ કરી છે જે તેની વિવિધ કોસ્ટ રીડક્શન ટેકનિકો જેવી કે વેરિયન્સ એનાલિસિસ, બજેટિંગ, ઇન્વેન્ટરી કન્ટ્રોલ ટેકનિક્સ, ફંડ મેનેજમેન્ટ, એરીયર્સ રીડક્શન, સપ્લાય ચેન મેનેજમેન્ટ કન્સેપ્ટ પર આધારિત છે. યુજીવીસીએલને પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ કેટેગરીમાં મળેલો 'ગુડ પર્ફોર્મન્સ એવોર્ડ' ૨૦૧૦ના જૂન મહિનામાં ઘોષિત થયો હતો.

આ એવોર્ડ પ્રાઇવેટ અને પબ્લિક એમ બંને ક્ષેત્રની કંપનીઓને આપવામાં આવે છે. પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ કેટેગરીમાં પીજીવીસીએલ અને યુજીવીસીએલ, ગુજરાત રાજ્યની પીએસયુને આ કેટેગરી માટે પસંદ કરેલ છે અને યુજીવીસીએલને ગુડ પરફોર્મન્સ માટે એવોર્ડ આપવામાં આવેલ છે. ગુજરાતની એક માત્ર કંપની યુજીવીસીએલની આ કેટેગરીમાં પસંદગી થઇ છે.

# વાઈબ્રન્ટ ગુજરાતની સફળતામાં ઊર્જા ક્ષેત્રે યુજીવીસીએલના ત્રણ એમઓયુ



વાઈબ્રન્ટ ગુજરાત સમીટ રાજ્યની આર્થિક સફળતાની પારાશીશી બની ચૂકેલ છે. આ પ્રકારના કાર્યક્રમથી રાજ્યને પોતાની સક્ષમતા, પ્રગતિશીલતા, મિત્રતાભર્યું વાતાવરણ, સંસ્કાર અને સંસ્કૃતિ વિશ્વ સમક્ષ રજૂ કરવાની મોટી તક મળે છે.

એમાં પણ ૨૦૧૧ની પાંચમી વાઈબ્રન્ટ ગુજરાત સમીટની અભૂતપૂર્વ સફળતાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ગુજરાત આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય છે. માત્ર ભારતીય રાજ્યો અને કંપનીઓ જ નહીં પરંતુ અનેક વિદેશી કંપનીઓએ વાઈબ્રન્ટ ગુજરાતના મંચ પર એક સાથે ભેગા થઇ વિવિધ ક્ષેત્રોમાં પોતપોતાની કાર્યક્ષમતા દર્શાવીને ગુજરાતમાં પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવાની તત્પરતા દર્શાવી હતી. આ સમીટમાં યુજીવીસીએલ કંપની પણ ત્રણ એમઓયુમાં સહભાગી બની.

### એમઓયુ-૧ કોલમ્બિયા વોટર સેન્ટર

ગુજરાત સરકારના વાઈબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧ દરમિયાન કોલંબિયા વોટર સેન્ટર, એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ (ઇપીડી) અને યુજીવીસીએલ અને જેટકો તેમ જ જીઆઇડીબી વચ્ચે ત્રિપક્ષી એમઓયુ સાઇન થયા છે. આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે ઊર્જા વિતરણ સુદ્રઢ બને તથા ઊર્જા અને પાણીની બચત કરી ખેડૂતોની આજિવિકાને સુધારવાનો પ્રયત્ન થાય. જે અંગેનું એમઓયુ રૂ. ૫,૦૦૦ કરોડ યુજીવીસીએલ અને જેટકોના સયુક્ત મુડીરોકાણથી કરવામાં આવ્યું.

### એમઓયુ-૨ એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ

ઔદ્યોગિક વિકાસમાં વીજ વપરાશમાં વધારો થયો છે જે વિસ્તાર યુજીવીસીએલ અંતર્ગત આવે છે. વીજ વિતરણ નેટવર્કને વધુ મજબૂત બનાવવા મોટા પ્રમાણમાં માળખાની આવશ્યકતા હોય છે. નવીનતમ સિસ્ટમ દાખલ કરી ગ્રાહકોને સંતોષ થાય તે રીતે ગુણવત્તાવાળું વીજ વિતરણ થવું જોઇએ. ગુજરાત સરકારની સહાયતાથી માળખાના વિકાસ અને વીજ વિતરણમાં સુધારો લાવવા, આવનારા બે વર્ષોમાં એટલે કે ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ દરમિયાન અંદાજિત રૂ. ૧૧૨૦.૦૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે.

### એમઓયુ-૩ ધોલેરા -SIR

સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન (એસઆઇઆર) ધોલેરામાં એરપોર્ટ બનાવવાના આયોજન સાથે જે રીતે ધોલેરામાં વિકાસ થઇ રહ્યો છે તે જોતાં આવનારા ૧૦ વર્ષોમાં ધોલેરા રીજન માટે અંદાજિત ૧૭૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની જરૂરિયાત હશે. આ વિસ્તાર પૂર્ણ રીતે ઔદ્યોગિક, વ્યાવસાયિક અને રહેણાંકમાં આવરી લેવાશે. તેથી અહીં વીજવિતરણ મહત્ત્વપૂર્ણ બનશે. આ વિસ્તાર યુજીવીસીએલ કંપનીના કાર્યક્ષેત્રમાં આવે છે અને કંપનીએ અહીંની ભાવિ વીજમાગને પહોંચી વળવા માટે પૂરતું આયોજન કર્યુ છે. આ માટે ધોલેરા રીજનના ડેવલપર્સ અને યુજીવીસીએલ વચ્ચે પરસ્પર સમજ કેળવવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. ■

## ઈન્ડિયા પાવર એવોર્ડ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને વધુ એક પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો છે - વર્ષ ૨૦૧૦ માટેનો ઇન્ડિયા પાવર એવોર્ડ. યુજીવીસીએલને આ એવોર્ડ એનર્જી એફિશિયન્સી, કન્ઝર્વેશન અને ડીએસએમ કેટેગરી માટે મળ્યો છે.

રાષ્ટ્રીય સ્તરની કાઉન્સિલ ઓફ પાવર યુટિલિટીઝ અને કેડબલ્યુ કોન્ફરન્સીસ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે વિવિધ કેટેગરીમાં એવોર્ડ અપાય છે. યુજીવીસીએલ એક એવી કંપની છે જેને સતત બીજા વર્ષે વિવિધ કેટેગરીમાં ઇન્ડિયા પાવર એવોર્ડ પ્રાપ્ત કરવાનું ગૌરવ મળ્યું છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૯માં પણ યુજીવીસીએલને ઇન્ડિયા પાવર એવોર્ડ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું જે ઓવરઓલ યુટિલિટી પર્ફોરમન્સ ઇન એગ્રીકલ્ચર ડોમિનેટેડ



એરિયા કેટેગરી માટે પ્રાપ્ત થયો હતો. નવી દિલ્હીના ઇન્ડિયા હેબિટાટ સેન્ટરમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં નેશનલ મેન્યુફેક્ચરિંગ કોમ્પિટિટિવનેસ કાઉન્સિલના ચેરમેન ડો.વી. કૃષ્ણમૂર્તિના વરદ હસ્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

વર્ષ ૨૦૦૮થી ઇન્ડિયા પાવર એવોર્ડ્ઝ આપવાની શરૂઆત થઈ છે. આ એવોર્ડ્ઝને વર્ષ ૨૦૧૦માં ૧૬ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. કંપનીને મળેલા આ ગૌરવ અંગે એમડી શ્રી એ. કે. વર્માએ કહ્યું હતું કે કંપનીને મળેલા આ સન્માન બદલ કંપનીના તમામ કર્મચારીઓ અભિનંદનના અધિકારી છે કેમ કે તેમની નિષ્ઠા અને મહેનતથી જ કંપની સતત સન્માનિત થઈ રહી છે. ■

## યુજીવીસીએલના પોલીસ અધિકારીને રાષ્ટ્રપતિ ચંદ્રક

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ) દ્વારા વીજ ગેરરીતિઓ ડામવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે તેવા સમયે ગેરરીતિ કરતા ગ્રાહકો તરફથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તેની તકેદારી રાખવા માટે યુજીવીસીએલને એક અલગ પોલીસ સ્ટેશન ફાળવવામાં આવ્યું છે, જે સાબરમતી વર્તુળ ખાતે કાર્યરત રહીને કંપનીનાં તમામ વર્તુળોમાં ફરજ બજાવે છે. આ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તથા ઈન્ચાર્જ ડેપ્યુટી એસ.પી. (સિક્યુરિટી) તરીકે ફરજ બજાવતા શ્રી કંદર્પ એસ. ત્રિવેદીને પ્રશંસનીય કામગીરી માટે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત થયો છે. શ્રી ત્રિવેદીને આ ચંદ્રક ૨૬ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ અર્પણ કરાયો હતો.



ગૌરવની વાત એ છે કે સંનિષ્ઠ પોલીસ અધિકારી શ્રી ત્રિવેદીએ તેમની યશસ્વી કારકિર્દી દરમિયાન કુલ ૪૪૪ ઈનામો મળ્યા છે.

વણઉકેલાયેલા ગુનાની તપાસ ટીમમાં પણ તેઓની નિમણૂક થઇ હતી જેમાં તેઓએ અનેક ગુનાઓ ઉકેલ્યા હતા. તેઓએ કોમી તનાવ સમયે ગુનેગારો પાસેથી મોટા પ્રમાણમાં હથિયાર તેમ જ બોમ્બ પકડી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

તેમણે નારકોટિક્સ ડ્રગ્સ (અફીણ, હેરોઈન, ગાંજો) વગેરે મોટા પ્રમાણમાં પકડી ડ્રગ્સ હેરાફેરી કરતી ગેંગને જેલમાં મોકલી હતી.

ગુજરાતના વીજકંપનીના પાંચ પોલીસ સ્ટેશનમાં તેઓની કામગીરી પ્રશંસનીય રહી છે.

શ્રી ત્રિવેદીને રાષ્ટ્રપતિ ચંદ્રકનું સન્માન મેળવવા બદલ હાર્દિક અભિનંદન. ■

## આઈ.એસ.ઓ– ૯૦૦૧: ૨૦૦૮ પ્રમાણપત્ર

ગ્રાહકોને સાતત્યપૂર્ણ તેમ જ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પહોંચાડીને સૌનું જીવન ધોરણ ઊંચું લાવવું એ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ)નું હંમેશનું ધ્યેય રહ્યું છે. કંપનીના હજારો કર્મચારીઓ સતત આ ધ્યેય સુપેરે પાર પાડવાની કટિબદ્ધતા સાથે પ્રયત્નશીલ રહે છે. કંપનીના આ પ્રયાસોને એક આંતરરાષ્ટ્રીય ઓળખ મળે તેમ જ કાર્યક્ષમતાના ઊંચા માપદંડો સિદ્ધ થાય તે માટેના પ્રયાસોથી, વર્ષ ૨૦૦૮માં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને તારીખ ૨૩-૧૨-૨૦૦૮ની અસરથી ત્રણ વર્ષ માટે આઇએસઓ ૯૦૦૧:૨૦૦૦નું પ્રમાણપત્ર મળ્યું હતું.

આ પ્રમાણપત્રથી એક પગલું આગળ વધીને, કંપનીએ ૯૦૦૧: ૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવ્યું છે. આ પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર બ્યુરો વેરીટાસ સર્ટીફીકેશન (ઈન્ડીયા) પ્રાઈવેટ લિમિટેડ કે જે આ પ્રમાણપત્ર આપવા માટેની નિયુક્ત અધિકૃત એજન્સી છે તેના દ્વારા કંપનીને એનાયત કરવામાં આવ્યું છે.

આ એજન્સીના ઉચ્ચ અધિકારીઓએ યુજીવીસીએલ કંપનીની મુલાકાત લઈને કંપની દ્વારા કરવામાં આવતાં કાર્યો નિર્ધારિત ધોરણે કરવામાં આવે છે તેની ચકાસણી કર્યા બાદ આ પ્રમાણપત્ર એનાયત કર્યુ છે. કંપનીની કામગીરીના ઓડિટની આ પ્રક્રિયામાં થોડા સમય પહેલાં કાર્યરત થયેલ એનર્જી મેનેજમેન્ટ સેન્ટર તથા એએલડીસીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રમાણપત્રનાં ધારાધોરણોથી આપણી કંપનીના કર્મચારીઓને વાકેફ કરવા માટે ઈન્ટરનલ ઓડિટરની એક ટીમ બનાવવામાં આવી હતી. યુજીવીસીએલની આ ટીમ તેમ જ પ્રમાણપત્ર એનાયત કરતી એજન્સીના ઉચ્ચ અધિકારીઓની બનેલી એક સંયુક્ત ટીમે યુજીવીસીએલ કંપનીનાં વિવિધ સબ ડિવિઝનોની મુલાકાત લઈને કર્મચારીઓની કાર્યપ્રણાલીઓ તપાસી હતી તેમ જ કાર્યોને હજી વધુ સુદઢ તેમ જ અસરકારક બનાવવા માટે સલાહસૂચનો આપ્યાં હતાં.

આમ, આઇએસઓ ૯૦૦૧:૨૦૦૮ના ઉપયોગ દ્વારા કંપનીએ અપનાવેલ મિશન, વિઝન અને ગોલ સિદ્ધ કરવા અને તે દ્વારા ગ્રાહકોની ઉચ્ચતમ સેવા દ્વારા આગવી ઓળખ ઊભી કરવાનો આ સ્તુત્ય પ્રયાસ બની રહેશે.

કંપની દ્વારા આઇએસઓ - ૯૦૦૧:૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવ્યા બાદ સારી ગુણવત્તાવાળું વ્યવસ્થાતંત્ર સ્થાપિત કરી સંસ્થાની તમામ પ્રવૃત્તિઓને ચોક્કસ માપદંડ અનુસાર વધુ કાર્યક્ષમ બનાવી શકાય છે તેમ જ કંપનીનું કામકાજનું સંચાલન વ્યવસાયિક ધોરણે કરી શકાય છે.

આ પ્રમાણપત્રની પ્રાપ્તિ ગ્રાહકોના કંપની પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવાશે. તેમ જ કર્મચારીની કાર્યક્ષમતામાં સતત સુધારાની પ્રક્રિયા વધુ બળવત્તર બનશે તેવી કંપનીને આશા છે.

આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ કંપનીના તમામ કર્મચારીઓએ દાખવેલી કાર્યનિષ્ઠા, કાર્યપ્રક્રિયાઓની ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્ષમતાના માપદંડને ધ્યાનમાં લઈને પ્રાપ્ત કરવામાં આવેલ છે. જેના અમલીકરણનો સમય હવે પછી તારીખ ૨૧-૧૧-૨૦૧૧ સુધીનો રહેશે.

### આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણપત્રથી કંપનીને થનારા લાભ

- જેમાં પ્રત્યેક કામગીરી/પ્રવૃત્તિ સ્પષ્ટ રીતે સુનિશ્ચિત અને લેખિત સ્વરૂપમાં હોય તેવું યોગ્ય ગુણવત્તાસભર સંચાલન પદ્ધતિનું નિર્માણ
- કામકાજને લગતી બાબતોનું સંચાલન અને નિયંત્રણ વ્યાવસાયિક રીતે કરી શકાશે
- વહીવટને લગતી નિર્ણય પ્રક્રિયામાં કર્મચારીઓની સહભાગિતા સુનિશ્ચિત કરી શકાશે, જેથી જવાબદારીની ભાવનામાં વધારો થશે
- ઉત્કૃષ્ટ સેવાથી ગ્રાહકના સંતોષનો ધ્યેય સિદ્ધ કરી શકાશે. ■

# સામાજિક દાયિત્વમાં સતત કાર્યશીલ યુજીવીસીએલ

**સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યે સતત સજાગ રહેતી યુજીવીસીએલ કંપનીએ માત્ર સારસ પક્ષીઓને રક્ષણ આપવા માટે ખેતરોમાં કોટેડ કેબલ નાખ્યા એટલું જ નહીં સમાજના અનેક વર્ગોને વીજબચત માટે સમય સમય પર જાગૃત કરવાનાં કાર્યો કર્યાં છે.**

## સારસ પક્ષીના સંરક્ષણ માટે કંપનીની સફળ પહેલ

એક વીજકંપનીની ફરજ શું માત્ર વીજપુરવઠો પૂરો પાડવા જેટલી સીમિત હોય? યુજીવીસીએલ માને છે કે એક જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકે કંપનીની ફરજ તેનાથી ઘણી વિશેષ છે.

હમણાં યુજીવીસીએલ કંપનીએ સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યેની તેની નિષ્ઠાનું વધુ એક પ્રમાણ આપતાં, સારસ પક્ષીઓનો જીવ બચાવતી એક સરસ પહેલ કરી.

સારસ એ ભારતીય ઉપખંડનું નિવાસી દેશી જાતનું પક્ષી છે. ભારતમાં કુલ ૮૦૦૦ જેટલાં સારસ હોવાનો અંદાજ છે, જેમાંના ૧૬૦૦ જેટલાં ગુજરાતમાં છે. સારસ એ મોટામાં મોટું ઉડનારું પક્ષી છે જે લગભગ પાંચ ફૂટ ઊંચું હોય છે. સારસ એક નાજૂક પક્ષી છે અને તેની વસતી ઓછી થઇ રહી છે. જો પક્ષીપ્રેમીઓ તરફથી યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો તે લુપ્ત થઇ શકે છે.

સારસ પક્ષી મોટા ભાગે નીચેનાં કારણોસર મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે...

તેનો વિંખાતો માળો

હાઇ-ટેન્શન પાવર લાઇનથી શોક લાગવો

અસાધ્ય રોગ થવો

કુદરતી ફેરફારોને લીધે તેના ઈંડા નષ્ટ થવા

ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં ભારતીય સારસ સંકેન્દ્રિત છે. અમદાવાદની આસપાસના ધોળકા, દસકોઇ અને દેહગામમાં ૩૦૦થી વધુ સારસ પક્ષી જોવા મળે છે.

સારસ નેચર કન્ઝર્વેશન સોસાયટીના કોઓર્ડિનેટર અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર શ્રી દેશલ પગી તેમજ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી યુજીવીસીએલને સારસ પક્ષીના બચાવનાં પગલાંમાં સહાયરૂપ થવા કરવામાં આવી હતી. આ રજુઆતના સંદર્ભમાં, ઊંડો રસ દાખવીને યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરશ્રી શ્રી એ. કે. વર્મા, આઇએફએસના નેતૃત્વમાં ઉચ્ચ અધિકારીઓની એક ટીમે સારસ પક્ષીને બચાવવા માટે શક્ય એટલા દરેક પ્રયાસો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યાર પછી યુજીવીસીએલના ઉચ્ચ પદાધિકારીઓએ વિવિધ સાઇટની મુલાકાત લીધી હતી. તેમનાં સ્થળ પરનાં અવલોકનોના અંતે સારસ પક્ષીઓને વીજ કરંટથી બચાવવા માટે પરંપરાગત ખુલ્લા વાયરોની જગ્યાએ કોટેડ વાયર ઉપયોગમાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**સારસ પક્ષીના બચાવ માટે યુજીવીસીએલની કામગીરી**

| ક્રમ | ફીડરનું નામ | સબડિવિઝનનું નામ | એચટી/એલટી લાઇન | ગામ | કરવામાં આવેલો ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૨.૧૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૬૪,૪૨૫/- |
| ૨ | ૧૧કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૧.૨૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૨૩,૬૫૦/- |
| ૩ | ૧૧ કેવી સારંડી | ધોળકા (ગ્રામિણ) | ૨.૧૦ કેએમ એચટી | દકુસર | રૂ. ૬૪,૪૨૫/- |
| ૪ | ૧૧ કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૧.૮૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૬૯,૭૩૧/- |
| ૫ | ૧૧ કેવી સારંડીધોળકા | (ગ્રામિણ) | ૨.૧૦ કેએમ એચટી | દકુસર | રૂ. ૭૫,૮૪૮/- |



કોર્પોરેટ ઓફિસની આ સામાજિક જવાબદારી માની આ કાર્ય માટે ત્વરિત પગલાં લઈને જરૂરી મંજૂરીઓ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં યુજીવીસીએલ દ્વારા લગભગ ૩ લાખ રૂપિયાના ખર્ચે કુલ ૧૦ કિલોમીટર જેટલા ખુલ્લા વાયરને બદલીને ઇન્સ્યુલેટેડ વાયર લગાવવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે ગ્રામિણ ક્ષેત્રોમાં લગાવવામાં આવતા ખુલ્લા વાયરો દ્વારા વીજળીની ચોરી અટકાવવાના ઉદ્દેશ્યથી કોટેડ વાયરો કંપની દ્વારા આપવામાં આવતા. અહીં એચટી (હાઇ ટેન્શન ૧૧ કેવી) લાઇન્સ બદલવાની હતી, તેથી હાઇ કન્ડક્ટરના સ્પેશિયલ કોટિંગવાળા વાયરોનો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને ખાસ લોકોની ટુકડી બનાવી તેને દરેક ખુલ્લા વાયરોની જગ્યાએ કોટેડ વાયરો લગાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

એક સકારાત્મક પહેલ અને અર્થપૂર્ણ નિયંત્રણ રાખવાથી તેમ જ લાઇન સ્ટાફ અને સબ ડિવિઝન એન્જિનિયર્સના નિઃસ્વાર્થ પ્રયત્નોથી સારસ પક્ષીના અકસ્માતોને વર્ષ ૨૦૦૮માં જે ૨૪ હતા તેનાથી વર્ષ ૨૦૦૯ દરમિયાન માત્ર ૨ સુધી પહોંચાડવામાં સફળતા મળી હતી.

એક કોર્પોરેટ ઓફિસની સામાજિક જવાબદારી, નીતિવિષયક બિઝનેસ પ્રેક્ટિસ, કંપની પ્રતિબદ્ધતા અને સતત વિકાસના ભાગ રૂપે યુજીવીસીએલના આ ઉમદા કાર્યથી સારસ પક્ષીના અકસ્માતો ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ શકી છે. ■

# ઊર્જાબચત માટે મહિલાઓને જાગૃત કરવા યુજીવીસીએલનું અભિયાન

કંપનીનાં મહિલા કર્મચારીઓ દ્વારા વીજ બચત અંગે ગૃહિણીઓ સાથે સંવાદ કરી પ્રચાર પ્રસારનું નવતર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મહેસાણા પેટા વિભાગ, વિભાગ અને કોર્પોરેટ કચેરીમાં ફરજ બજાવતી બહેનોની બે ટીમોમાં વિજાપુર વિભાગીય કચેરી અને સંલગ્ન પેટા વિભાગોમાં ફરજ બજાવતી બહેનો જોડાઈ હતી.



પ્રથમ ગૃપમાં - વિજાપુર વિભાગના ફતેપુરા, ગોવિંદપુરા, ડેરીયામાં ઊર્જા બચત અંગે વાર્તાલાપ કરી ગામમાં મહોલ્લે મહોલ્લે ગ્રામ્ય મહિલા સાથે ઊર્જા બચતનું મહત્વ અને તેના ઘરગથ્થુ ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ગૃહિણીઓ સાથે ઘેર ઘેર સંપર્ક કરી વીજ બચત અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમાપનમાં લાડોલના પ્રાચીન હરસિધ્ધ માતાના મંદિરમાં દર્શનનો લાભ લઈ કાર્યક્રમ પુરો કરવામાં આવ્યો હતો. બીજા ગૃપમાં વિજાપુર વિભાગના અન્ય વિસ્તારને આવરી લઈ સૌ પ્રથમ માણસા પેટા વિભાગના રાજપુરા ગામથી વીજ બચત પ્રસાર અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોદરા ગામમાં સી.યુ.વિદ્યાલય શાળામાં શાળાના સ્ટાફ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ સમક્ષ વીજ કંપનીની બહેનો દ્વારા ઊર્જા મહત્વ અને ઊર્જા બચતની જરૂરિયાત અંગે તેમજ તેના ઉપાયો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફ તરફથી ઉત્સાહવર્ધક સહકાર મળ્યો હતો.

બંને ટીમોના કાર્યક્રમમાં ગ્રામજનો, શાળાના સ્ટાફ તેમજ ગ્રામીણ બહેનોનો ઉત્સાહભર્યો સહકાર મળ્યો હતો. કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના અનુસાર બંને ટીમોમાં વિભાગીય કચેરીના નાયબ ઈજનેર અને સંબંધિત પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરો સ્ટાફ સાથે જોડાયા હતા, અને સમગ્ર દિવસ દરમ્યાન વિજાપુર વિભાગના તમામ પેટા વિભાગના એક એક ગામને આવરી લઈ મહિલા મંડળ દ્વારા વીજ બચત અંગે સફળ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ■

## એનએસએસ શિબિરાર્થીઓને વીજલક્ષી માર્ગદર્શન

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને ગ્રામ સેવા મહાવિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી કક્ષાની કુદરતી - કૃત્રિમ આપત્તિ નિવારણ તાલીમ શિબિર તારીખ ૨-૩ ડીસેમ્બર ૨૦૧૦ના રોજ ગ્રામભારતી સંસ્થા, અમરાપુર તાલુકો માણસા મુકામે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થા તરીકે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિજાપુર દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

ભાગ લેનાર એન.એસ.એસ. શિબિરાર્થીઓ સમક્ષ તારીખ ૩ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ શ્રી બી. પી. બુચ, કાર્યપાલક ઈજનેર, વિજાપુર અને શ્રી ઘનશ્યામ વી. પટેલ, નાયબ ઈજનેર, વિજાપુર દ્વારા ઘરઘથ્થુ વીજકરણો - સલામતી અને ઉપાયો વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતું.



આ ઉપરાંત, શિબિરાર્થીઓને વીજ સલામતી અને વીજ બચત અંગે માર્ગદર્શન આપતી વિવિધ પત્રિકાઓ અને અન્ય સાહિત્ય આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શિબિરાર્થીઓને ઘરગથ્થુ વપરાશમાં અકસ્માતથી બચવા અંગે જરૂરી ઉપાયો, સલામતી અંગેના પગલાં તેમ જ તાત્કાલિક સારવાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યુજીવીસીએલ કંપનીના આ સકારાત્મક યોગદાન બદલ શ્રી અમૃતભાઇ પટેલ આચાર્ય શ્રી ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી, અમરાપુર દ્વારા આનંદસહ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ખેડૂતો માટે એનર્જી એફિશિયન્ટ ઈરિગેશન કાર્યક્રમ – પાલનપુરની પહેલ








ખેડૂતો ઊર્જાના વપરાશકારોમાંનો એક મોટો વર્ગ છે. આધુનિક સમયમાં કૃષિ અને ઊર્જાના સંબંધ પર પ્રકાશ પાડવા માટે, પાલનપુર વર્તુળ કચેરી દ્વારા સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટી ખાતે એક કૃષિ ઊર્જા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટક અને મુખ્ય મહેમાન તરીકે રાજ્યકક્ષાના મંત્રી શ્રી પરબતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના ધારાસભ્યો તેમ જ કલેક્ટર શ્રી આર. જે. પટેલ, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી આર. સી. મહેશ્વરી વિશેષ ઉપસ્થિત હતા. આ પ્રસંગે મુખ્ય ઇજનેરશ્રીઓ શ્રી એમ. જી. પટેલ અને શ્રી પી. જે. પટેલે હાજરી આપી હતી.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કુલ ૧૫૦૦ કરોડ યુનિટ વીજ વપરાશમાંથી ૮૦૦ કરોડ યુનિટ કૃષિક્ષેત્રે ખેડૂતો દ્વારા વાપરવામાં આવે છે. દેશના સ્વાવલંબનમાં કૃષિક્ષેત્રનો વિશેષ ફાળો હોવાને લીધે વિવિધ કાર્યક્રમો દ્વારા સરકારનો અભિગમ ખેડૂતલક્ષી રહ્યો છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ખાસ અભિયાનથી ૧૨૦૦૦થી વધુ એનર્જી એફિશિયન્ટ પંપના ઉપયોગ દ્વારા વીજળી અને પાણીને બચાવી અગ્રેસર રહી છે.

આ કાર્યક્રમના માધ્યમ દ્વારા ખેતીવાડી ક્ષેત્રે વીજ બચત કેવી રીતે થઇ શકે તે અંગે ખેડૂતોમાં જાગૃતિ કેળવવાના ઉદ્દેશયથી એનર્જી એફિશિયન્ટ ઈરિગેશન પર તજજ્ઞો દ્વારા ખાસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સેમિનારના વક્તા તરીકે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમિ વિભાગના પ્રોફેસર શ્રી ડો.જે. સી. પટેલે પાણી અને વીજળી સંરક્ષણ દ્વારા વધુ પાક ઉત્પાદનની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કોલંબિયા વોયર સેન્ટર, દિલ્હીના શ્રી કપિલ નિરૂબ્બાએ ઉત્તર ગુજરાતમાં ઊંડા જતા ભૂગર્ભ જળની સમસ્યા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઈરીમા આણંદના શ્રી ગિરીશ અગ્રવાલે સબમર્સીબલ પંપની પસંદગી અને કાર્યક્ષમતાના ઉપાયો વિશે માર્ગદર્શન આપ્યું હતું. સોફિલ પાલનપુરના શ્રી વિષ્ણુભાઇ પટેલે ભૂગર્ભ જળનું સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન તેમ જ સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ લેન્ડ એન્ડ વોટર મેનેજમેન્ટ, પાલનપુરના અનુભવો રજૂ કર્યા હતા. ■

## વીજકર્મચારીઓએ તાનારીરી મહોત્સવને ઉજાળ્યો



ગુજરાતના વડનગરમાં શાસ્ત્રીય સંગીતમાં પ્રખ્યાત થયેલી બે નાગર કન્યાઓ તાતારીરી અને સંગીત સમ્રાટ તાનસેનની સત્યકથા સર્વવિદીત છે. તાનારીરીની યાદમાં દર વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં તાનારીરી ઉત્સવ ઉજવવામાં આવે છે. આ પ્રસંગ દરમિયાન સરકાર દ્વારા વિવિધ ઐતિહાસિક સંગીત કાર્યક્રમો અને વિવિધ કથા આધારિત કંઠ્ય અને વાદ્ય સંગીતના કાર્યક્રમો સતત સાત દિવસ સુધી યોજાય છે.

જ્યારે કોઇ સંગીત, નૃત્ય કે નાટ્યના કાર્યક્રમો યોજાય ત્યારે તે સ્થાને વીજળી પૂરવઠો સતત જળવાઈ રહે તે ખાસ જોવાનું હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વીજ કંપનીના સંનિષ્ઠ કર્મચારીઓએ ૧૧મી ઓક્ટોબરથી ૧૬મી ઓક્ટોબરના સમયગાળામાં સતત વીજ પુરવઠો જળવાઇ રહે તે માટે પ્રશંસાપૂર્ણ કામગીરી કરી હતી. ૧૧ કે.વી. કરબટીયા જ્યોતિગ્રામનું અને ૧૧ કે.વી. વડનગર ટાઉન ફીડરોનું ઉચ્ચ ગુણવત્તાવાળું સમારકામ કરવામાં આવ્યું હતું. આ માટે આવશ્યક બંને ફીડરોમાં અદ્યતન ટેક્નોલોજીવાળી પેનલના ઉપયોગથી પાવર સપ્લાય વિના વિક્ષેપ જળવાઇ રહે તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સક્ષમ અધિકારીઓ અને સતત કાર્યરત ઇજનેરોની નિષ્ઠા, તેમ જ સમાજ પ્રત્યે પોતાના કાર્યની ફરજ પ્રત્યે જાગૃતિને કારણે દરેક કાર્યક્રમોની જેમ આ કાર્યક્રમનું પણ વિના વિક્ષેપ સમાપન થયું હતું જેમાં સંગીતપ્રેમીઓએ સંગીત માણ્યું હતું.

# ઊર્જાશક્તિ માસની ઉજવણીનું રેખાચિત્ર

**ઊર્જાશક્તિ માસ યુજીવીસીએલની દરેક ઓફિસમાં ઉજવવામાં આવ્યો હતો જેમાં કંપનીની ચાર વર્તુળ કચેરીઓ, ૨૦ ડિવિઝન ઓફિસ અને ૧૨૭ સબડિવિઝનને આવરી લઇને કંપનીના કાર્યક્ષેત્ર હેઠળની તમામ શાળાઓએ પણ ઉજવણીમાં ઉમંગભેર ભાગ લીધો હતો.**

## સ્વર્ણિમ ગુજરાતમાં ઑગસ્ટ માસને ઊર્જાશક્તિ માસ તરીકે ઉજવ્યો

સમગ્ર ગુજરાત રાજ્ય 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉમંગભેર ઉજવણી કરી રહ્યું છે ત્યારે, આ અવસર સાથે સર્વાંગી જનહિતને સાંકળી લેવા માટે ગુજરાત રાજ્ય ઑગસ્ટ મહિનાને 'ઊર્જાશક્તિ માસ' તરીકે ઉજવી રહ્યું છે. રાજ્યની એક અગ્રગણ્ય વીજકંપની તરીકે, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયેલ છે. જેના ભાગરૂપે તાજેતરમાં કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં 'સ્વર્ણિમ કળશ'નું અનાવરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માના વરદ હસ્તે કરવામાં આવ્યું.



શ્રી વર્માએ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો અને અન્ય મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કરીને ભાવિ નાગરિકો એવાં બાળકોને અત્યારથી ઊર્જાક્ષેત્ર અંગે જાગૃત કરવાના પ્રયાસો પર ભાર મુક્યો હતો.

ઉજવણીના પ્રારંભે કંપનીના 'એનર્જી નોલેજ સેન્ટર' ખાતે પ્રિન્ટ તેમ જ ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો સમક્ષ સમગ્ર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે વિશેષ મુખ્ય ઇજનેર, જેટકો, શ્રી એમ. જી. વ્હોરાએ યુજીવીસીએલ દ્વારા ઉજવાઈ રહેલ 'ઊર્જાશક્તિ' માસના કાર્યક્રમની સફળતા અંગે શુભેચ્છા પાઠવી હતી.

કંપનીના મુખ્ય ઇજનેરશ્રી એમ. જી. પટેલે સમગ્ર કાર્યક્રમના ઉદ્દેશોની વિસ્તૃત છણાવટ કરીને 'વીજબચત' અંગેનો સંદેશો અસરકારક રીતે લોકો સુધી પહોંચે તેવી કામગીરી કરવા કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

'ઊર્જાશક્તિ' માસની શરૂઆત કંપનીની તમામ કચેરીએ રંગોળી દ્વારા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ઊર્જાશક્તિ રેલી, વૃક્ષારોપણ તથા મુખ્ય મંત્રીશ્રી પ્રેરિત 'વાંચે ગુજરાત' જેવા કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાંની શાળાઓમાં બાળકોમાં ઊર્જા બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે વિવિધ વિષયો અંગેની નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ છે.

આ કાર્યક્રમમાં કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી. જે. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી ઉપસ્થિત રહ્યા હતા. તેમ જ યુજીવીસીએલ અને જેટકોના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઑગસ્ટ માસ દરમિયાન 'સ્વર્ણિમ ગુજરાત ઊર્જાશક્તિ માસ' ઉજવણી અંતર્ગત લોક જાગૃતિ પ્રેરક અને કર્મચારી કલ્યાણના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કંપનીના સૌ અધિકારીઓ તેમ જ કર્મચારી મિત્રો તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

ઉજવણીના પ્રથમ દિવસે, ૨ ઑગસ્ટના રોજ કંપનીના કર્મચારીગણ દ્વારા કોર્પોરેટ ઓફિસ, અન્ય તમામ ડિવિઝન, સર્કલ ઓફિસ ખાતે 'ઊર્જાબચત' થીમ પર રંગોળીનું આયોજન કરાયું હતું.

કર્મચારીઓ દ્વારા વિવિધ સ્થળોએ 'ઊર્જાબચત' અંગે જનજાગૃતિ ફેલાવવા રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. છે. કર્મચારીઓ તથા અગ્રણી નાગરિકો દ્વારા 'સ્વર્ણિમ સંકલ્પ' લેવાનું આયોજન છે તથા ખેતીમાં યોગ્યતમ ઊર્જા ઉપયોગ જેવા મહત્ત્વના વિષય પર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે એક વિશેષ પરિસંવાદનું આયોજન કરેલે.

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રેરિત 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કંપનીની દરેક ઓફિસ પર સ્વતંત્રતા દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત, યુજીવીસીએલ દ્વારા 'એનર્જી ઓડિટની આવશ્યકતા' વિષય પર એક મહત્ત્વના પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. હંમેશા કર્મચારી કલ્યાણમાં આગળ પડતી કામગીરી કરનાર યુજીવીસીએલ દ્વારા વિવિધ સ્થળે કર્મચારીઓ તથા તેમના પરિવારના સભ્યો માટે મેડીકલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરેલ.

ઉજવણીમાં હોંશભેર જોડાઈને કંપનીના મહિલા કર્મચારીઓએ 'ઊર્જા બચત' માટે વિશેષ કાર્યક્રમો હાથ ધર્યા હતાં. 'ઊર્જા બચત' માટે માર્ગદર્શન તથા ત્રણ ગામોમાં સૂર્ય ઊર્જાના ઉપયોગ અંગે ગ્રામજનોને માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# ઊર્જા શક્તિ માસ ઉજવણીમાં યુજીવીસીએલ દ્વારા ઉત્સાહપૂર્વક યોગદાન

ઊર્જા ક્ષેત્રે નીત નવીન પહેલ કરવામાં ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહ્યું છે. આવી જ એક પહેલ કરતાં, એક અભૂતપૂર્વ આયોજન હાથ ધરીને, લોકોમાં ઊર્જાસંવર્ધન અંગે વિશેષ જાગૃતિ કેળવવા માટે ગુજરાત સરકારે ઊર્જાશક્તિ માસ ઉજવવાનું નક્કી કર્યું. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તરફથી ઊર્જાશક્તિ માસ ઉજવવા માટે ઓગસ્ટ ૨૦૧૦ મહિનો નિર્ધારિત કર્યો. રાજ્યની અન્ય વીજ કંપનીઓની જેમ, યુજીવીસીએલ દ્વારા પણ કંપનીની ચાર વર્તુળ કચેરીઓ, ૨૦ ડિવિઝન ઓફિસ અને ૧૨૭ સબડિવિઝનને આવરી લઈને કંપનીના કાર્યક્ષેત્ર હેઠળની તમામ શાળાઓને પણ આ ઉજવણીમાં સામેલ કરતું આયોજન થયેલ.

**મહેસાણા કોર્પોરેટ ઓફિસ**

મહેસાણા કોર્પોરેટ, મહેસાણા વર્તુળ કચેરી, વિભાગીય કચેરીના કર્મચારીઓએ ભેગા થઈ સ્વર્ણિમ કુંભની આગળ સવારે ૧૧.૦૦ કલાકે મુખ્ય ઈજનેરશ્રી એમ. જી. પટેલની ઉપસ્થિતિમાં વિવિધ સ્વર્ણિમ સંકલ્પો લીધા હતા.

**સાબરમતી વર્તુળ :** સાબરમતી વર્તુળમાં પણ ઊર્જાશક્તિ માસની ઉજવણી નિમિત્તે અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ નિમિત્તે કર્મચારીઓ, તેમના પરિવારના સભ્યો, સ્કૂલના વિદ્યાર્થીઓ-શિક્ષકોએ મળીને લગભગ ૩૦૦૦ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેના દ્વારા થયેલા કાર્યક્રમોની વિગતો નીચે પ્રમાણે છે. કાર્યક્રમમાં રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને વૃક્ષારોપણ સામેલ હતાં.

**મહેસાણા વર્તુળ :** યુજીવીસીએલની મહેસાણા વર્તુળ કચેરી અને વિભાગીય કચેરી સમાજના લોકોને પોતાના કાર્યો અંગે સતત જાગૃત કરવા માટે અનેક કાર્યક્રમો કરતી આવી છે. ગ્લોબલ વોર્મિંગને જોતાં પણ વીજળી બચાવવા માટે લોકોને જાગૃત કરવાની તાતી જરૂરિયાત છે.

યુજીવીસીએલની મહેસાણા વર્તુળકચેરી અને વિભાગીય કચેરીમાં આ અંગે જે કાર્યક્રમો યોજાયા તેમાં કંપનીનાં અન્ય કેન્દ્રો પણ આવરી લેવામાં આવ્યાં હતાં. કંપનીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત અનેક શાળાઓમાંથી નિબંધ હરિફાઇ, રંગોળી કાર્યક્રમ, ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, મેડિકલ ચેકઅપ, વાંચે ગુજરાત જેવા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઇ અનેક ઇનામો જીત્યાં હતાં અને ઓગસ્ટ માસને સાચા અર્થમાં ઊર્જામાસ બનાવવાની સફળતા મેળવી કરી હતી.

**હિંમતનગર વર્તુળ :** સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ઓગસ્ટ-૨૦૧૦ને ઊર્જાશક્તિ માસ તરીકે ભવ્ય રીતે ઉજવવાનું નક્કી થતાં, હિંમતનગર વર્તુળ કચેરી પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાઈ હતી. વર્તુળ કચેરી હેઠળની તમામ કચેરીઓના કર્મચારીઓ/ કુટુંબીજનો/ બાળકોએ વિવિધ કાર્યક્રમોમાં ઉમળકાભેર ભાગ લીધો હતો તથા પ્રોગ્રામ અનુસાર વિવિધ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના બાળકોએ પણ પૂરી તૈયારી સાથે ઉત્સાહપૂર્ણ રીતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમોમાં રંગોળી, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વીજસલામતીની જાણકારી અને વૃક્ષારોપણના કાર્યક્રમો તેમ જ વર્તુળ સ્તરની વક્તૃત્વ સ્પર્ધા સામેલ હતા. વિજેતા બાળકોને ઉત્તર ગુજરાત વીજ કંપનીનું પ્રમાણપત્ર એનાયત કર્યું હતું અને વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં.

**પાલનપુર વર્તુળ :** યુજીવીસીએલની પાલનપુર વર્તુળ અને વિભાગીય કચેરી તરફથી ઉજવવામાં આવેલા સ્વર્ણિમ ગુજરાતના ઊર્જા માસની ઉજવણીમાં ઉત્સાહભેર સૌએ ભાગ લીધો હતો. આ પ્રસંગે અનેક શાળાઓમાંથી નિબંધ હરિફાઇ, રંગોળી કાર્યક્રમ ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, મેડિકલ ચેકઅપ, વાંચે ગુજરાત જેવા કાર્યક્રમોમાં ભાગ લઇ સ્પર્ધકોએ અનેક ઇનામો જીત્યાં હતાં અને ઓગસ્ટ માસને સાચા અર્થમાં ઊર્જામાસ બનાવવાની સફળતા હાંસિલ કરી હતી. ■

## વીજચોરી સામાજિક દૂષણ : વિદ્યાર્થી દ્વારા નિબંધ

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ઓગસ્ટ મહિનાને ઊર્જાશક્તિ માસ રૂપે ઉજવવાની યુજીવીસીએલની પહેલમાં જોડાઈને પલિયડ ગામના શ્રી સરસ્વતી વિદ્યાલયના ધોરણ ૮ના વિદ્યાર્થી ધવલ જયેશભાઇ રાવલે એક નિબંધ લખ્યો, જેનો વિષય હતો 'વીજચોરી એક સામાજિક દૂષણ'. તેના અંશ...

"આપ સૌ અત્યાર સુધીના સામાજિક દૂષણોથી અજાણ તો નહીં જ હો પરંતુ મારે નવા સામાજિક દૂષણ વિશે વાત કરવી છે. અને તે છે વીજચોરી. વીજચોરી એટલે વીજળીનો ગેરકાયદેસર ઉપયોગ કરવો તે. વીજ વિતરણના આયોજનમાં ૧ વર્ષ લાગે, વીજ બચતના આયોજનમાં એક મહિનો અને વીજબચતની સમજ આપવા માટે એક કલાક પૂરતો છે જ્યારે વીજચોરી અટકાવવા માટે માત્ર એક જ સેકન્ડ લાગે છે. તો ચાલો વીજચોરીમાં મૂકીએ કાપ, સમૃદ્ધિ આવે આપોઆપ.'

વીજચોરી કોને કહેવાય?

મીટરને બાયપાસ કરીને સપ્લાયની લાઇન માંથી વીજળી મેળવવામાં આવે ત્યારે તે વપરાયેલી વીજળીની કોઇ મીટરમાં નોંધ લેવાતી નથી. આપે ગામડામાં જોયું હશે કે વીજતાર પર દોરડાં લટકાવેલાં હોય છે. મીટરના સીલ સાથે કોઇપણ ચેડાં કરવામાં આવ્યાં હોય તો તેને પણ વીજચોરી કરે છે. ખેડૂતો સિંગલ ફેઇઝમાં કેપેસિટર વાપરી થ્રી ફેઇઝનો લાભ લે તે વીજચોરી છે. કદાચ તમે જાણતાં હો-૧ કિલો વૉટ વીજચોરી કરીને આપણે રાષ્ટ્રને વીજઉત્પાદન સ્થાપન માટે થતા ખર્ચમાં પ્રતિકિલો વૉટ એક લાખ રૂપિયાનું નુકસાન કરાવીએ છીએ.

'ચેરિટી બીગિન્સ એટ હોમ' એ સ્લોગનથી પ્રારંભ કરીએ વીજચોરીનો અટકાવ અને ખુશહાલ બનાવીએ આપણું અને ગુજરાત, રાષ્ટ્રનું ભવિષ્ય.

# ઊર્જા સંરક્ષણ માટે વિવિધ સર્કલ ઓફિસમાં પ્રવૃત્તિ

**ગુજરાતમાં ઊર્જા સંરક્ષણ નિમિત્તે વીજબચત માટે અનેક જાગૃતિ કાર્યક્રમો થયાં. આ પ્રસંગે દરેક સર્કલ કચેરીઓમાં અનેક લોકોએ વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન ખુશી ખુશી આપ્યું.**

## વીજબચત કાર્યક્રમોની ઝલક

### હિંમતનગર સર્કલ

રાજ્યમાં તારીખ ૧૪થી ૨૧ ડિસેમ્બર ૨૦૧૦ દરમિયાન વીજ બચત સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી આ પ્રકારના કાર્યક્રમો અવારનવાર થ તા રહે છે જેની અંતર્ગત ગુજરાતના હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા અને વિભાગીય કચેરીઓ દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તલોદ વિભાગીય કચેરી દ્વારા રેલી અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે સી.ડી. પટેલ હાઇસ્કુલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. મોડાસા વિભાગીય કચેરી દ્વારા રેલીનું આયોજન થયું જે વિભાગીય કચેરીથી માલપુર ચાર રસ્તા જઇ ગામમાં પ્રવેશી, દેનાબેંક ખાંચાથી આગળ વધી અને ત્યાંથી પરત ફરી હતી. ઇડર વિભાગીય કચેરી દ્વારા રેલી વિભાગીય કચેરીથી બસ સ્ટેશન અને ત્યાંથી એપોલો ચાર રસ્તા થઇને જૂના ગામ પહોંચી ત્યાંથી પરત થઇ. હિંમતનગર વર્તુળ કચેરી અને વિભાગીય કચેરીએ રેલીનું આયોજન કર્યુ જે વર્તુળ કચેરીથી નીકળી કલેક્ટર કચેરી, ડીએસપી કચેરી, શહેર પોલીસ સ્ટેશન, ટાવર ચોક, નવા બજાર, ગાંધી રોડ, જૂના બજાર, ત્રણ ખુણિયા ઓટલા સુધી પહોંચી અને ત્યાંથી પરત ફરી હતી. જૈનાચાર્ય સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું.

**રેલી દરમિયાન બોલવામાં આવેલાં સૂત્રો**

૧. વીજ વ્યયમાં મૂકીએ કાપ, પૈસા બચશે આપોઆપ
૨. વીજ બચાવો દેશ બચાવો
૩. વીજ બચત એટલે રાષ્ટ્રભક્તિ, વીજ વ્યય એટલે રાષ્ટ્રદ્રોહ
૪. વીજળી રાષ્ટ્રની સંપત્તિ છે, તેની બચત કરો બચત કરો
૫. આજની વીજ બચત એટલે, વધારે સારી આવતી કાલ
૬. વીજ ચોરી સામાજીક દુષણ, વીજ બચત સમાજની પ્રતિષ્ઠા
૭. વીજ બચાવો, નાણા બચાવો
૮. વીજ વિકાસનો પ્રાણ, એની બચત એજ કલ્યાણ
૯. વીજ કટોકટીનો સરળ ઇલાજ વીજ બચત વીજ બચત

### પાલનપુર સર્કલ

૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે પાલનપુર સર્કલના વિવિધ ડિવિઝન અને સબડિવિઝન દ્વારા ઉજવણી કરવામાં આવેલ હતું. સમગ્ર સપ્તાહ દરમિયાન પાલનપુર, ડીસા, રાધનપુર અને સિદ્ધપુરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીના સભ્યો દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી ફરીને ગ્રાહકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વીજળીની બચત કેવી રીતે કરવી તે અંગેના ચોપાનિયા અને બેનરો આપી તેમને સમજણ પૂરી પાડી હતી.

પાલનપુર સર્કલ દ્વારા આયોજિત આ રેલીમાં પાલનપુર સર્કલના કાર્યપાલક ઇજનેર શ્રી એચ. ડી. રાઠોડ, પાલનપુર - ૧ના કાર્યપાલક ઇજનેર શ્રી એ. કે. મંગલ, પાલનપુર - ૨ના કાર્યપાલક ઇજનેર શ્રી જે. એમ. મોચી ઉપરાંત સર્કલના અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના કુલ ૧૩૦૦ જેટલાં બાળકો પાલનપુરના ગુરુનાનક ચોકથી જહાંનારા બાગ સુધી રેલી લઇ ગયા હતા. આ દરમિયાન વિવિધ ચોપાનિયા રસ્તા પર લોકોને વહેંચ્યા હતા.

દરેક વિભાગીય કચેરીઓ દ્વારા ધોરણ ૮થી ૧૦ના શાળાના વિદ્યાર્થીઓ વચ્ચે ઊર્જા બચત અંગે વિવિધ વિષયો પર ડીબેટ સ્પર્ધા યોજવામાં



આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતાં.

આ જ રીતે ડીસા ડિવિઝન ૧, ડીસા ડિવિઝન-૨ અને રાધનપુર ડિવિઝન તેમજ સિદ્ધપુર ડિવિઝને પણ આ વીજબચત સપ્તાહ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વીજબચત સપ્તાહ દરમિયાન તા. ૧૫મી ડિસેમ્બરના રોજ શ્રી પી. જે. પટેલ મુખ્ય ઇજનેરના નેતૃત્વના હેઠળ મહેસાણા સર્કલ ઓફિસ, મહેસાણા ડિવિઝન ઓફિસ તથા સ્થાનિક સબડિવિઝનો તથા જેટકોની તમામ ઓફિસોના કર્મચારીઓની વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ.

### સાબરમતી સર્કલ

૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે સાબરમતી સર્કલના પેટા વિભાગીય કચેરી કુજાડ અને નરોડા અંતર્ગત આવતા રહેણાંક વિસ્તારોમાં તારીખ ૧૮-૧૨-૧૦ના રોજ ઊર્જા બચત સપ્તાહની ઉજવણી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવેલ. રેલીમાં આશરે ૧૫૦ જેટલા કર્મચારી ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. રેલીનો રૂટ આશરે સાડા ચારથી પાંચ કિલોમીટર લાંબો રાખવામાં આવ્યો હતો. રેલી દરમિયાન કર્મચારી ભાઇઓએ વીજબચતને લગતા સૂત્રો પોકાર્યા હતા. કર્મચારીઓના હાથમાં વીજ બચતને લગતા ડીસ્પ્લે કાર્ડ હતા અને તે સાથે ચોપાનિયાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ રેલી કુજાડ પેટા વિભાગીય કચેરી અંતર્ગત આવેલ હરિદર્શન ચોકડીથી શરૂ થઇ વિવિધ સોસાયટીઓમાંથી પસાર થઇ હતી અને નરોડા પેટા વિભાગીય કચેરી ખાતે પૂર્ણ થયેલ હતી. રેલી પૂરી થયાં પછી તે સામાન્ય સભામાં ફેરવાઇ ગયેલ હતી અને તે પ્રસંગે કાર્યપાલક ઇજનેર શ્રી રાઠોડે પ્રેરણઆત્મક ઉદબોધન કર્યુ હતું.

વીજ બચત સપ્તાહ નિમિત્તે નરોડા પેટા વિભાગીય તરફથી લાયન્સ સર્કલ નરોડામાં વીજળી બચતના ફાયદાઓ મેળવવા કયાં કયાં પગલાં લેવા જોઇએ તે વિષય સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતુ ઉપરાંત હાજર રહેલા વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કર્યુ હતું.

સાબરમતી વિભાગીય કચેરી તેમજ તેની અંતર્ગત આવેલ તમામ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ બચતને લગતાં ફ્લેક્સ બેનર્સ લગાવવામાં આવ્યાં હતાં. સાબરમતી વિભાગીય કચેરી અંતર્ગત આવેલ તમામ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ બચતને લગતાં પ્રિન્ટેડ લીફલેટ્સ પહોંચાડવામાં આવેલ. તેનું વિતરણ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓએ જાહેર જનતામાં કરેલ હતું.

સાબરમતી અંતર્ગત આવેલ તમામ પેટા વીભાગીય કચેરીઓને મોકલી આપી હતી અને પેટા વિભાગીય કચેરીએ જે તે વિસ્તારના સ્થાનિક કેબલ ઓપરેટરો દ્વારા આ વીજબચત અંગેની સમજ આપતી સીડીનું સ્થાનિક ટીવી માધ્યમ દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું.




### દહેગામ

જ્યારે આખા રાજ્યમાં ૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે દહેગામ ખાતે દહેગામ શહેર, દહેગામ ગ્રામ્ય અને રખિયાલ પેટા વિભાગ ગ્રામ્ય દ્વારા વીજ બચત અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તેવા આશય સાથે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીજબચત સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે વિશાળ રેલીના આયોજનમાં દહેગામ શહેર, દહેગામ ગ્રામ્ય અને રખિયાલ પેટા વિભાગીય ગ્રામ્ય કચેરીનો તમામ સ્ટાફ રેલીમાં જોડાયો હતો. રેલી દહેગામ વીજ કચેરીથી પ્રારંભ થઇ જૂના બજાર ચોક, મામલતદાર કચેરી રોડ, પંકજ સોસાયટી, મોડાસા રોડ પાસેથી પસાર થઇ નહેરૂ ચોકડી ખાતે પહોંચી હતી. રેલીમાં ગાંધીનગરના કાર્યપાલક ઇજનેર શ્રી એ.એમ. પટેલ, દહેગામ ટાઉનના ઇજનેર શ્રી બી.એમ. ચૌધરી, ગ્રામ્ય પેટાવિભાગ કચેરીના

નાયબ ઇજનેર શ્રી એમ.બી.ભુભતકર અને રખિયાલ કચેરીના ઇજનેર એમ.એસ. ગાંધી પણ જોડાયા હતા.

સમગ્ર સપ્તાહ દરમિયાન કર્મચારીઓ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી ફરીને ગ્રાહકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વીજળીની બચત કેવી રીતે કરવી તે અંગેના પોસ્ટરો, ચોપાનિયા અને બેનરો આપી તેમને સમજણ પૂરી પાડી હતી. આ વીજબચત સપ્તાહ કાર્યક્રમમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. ■

# વીજક્ષેત્રે જ નહીં, અન્ય ક્ષેત્રોમાં પણ વિશ્વવિક્રમ સ્થાપવામાં યુજીવીસીએલ આગળ

**યુજીબવીસીએલ કંપની માત્ર ઊર્જા ક્ષેત્રે જ નહીં પરંતુ રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ પોતાનું યોગદાન આપતું રહે છે. ખેલ મહાકુંભના આયોજનમાં અનેક કર્મચારીઓએ વિવિધ રમતગમતમાં ભાગ લીધો હતો તેના કેટલાક અંશ...**

## ચેસમાં વિશ્વવિક્રમ બનાવ્યો

ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના ચેસની રમતને લોકપ્રિય કરવાના દ્રઢ સંકલ્પને સાકાર કરવા ૨૪ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે યોજાયેલ સ્વર્ણિમ ગુજરાત ચેસ મહોત્સવમાં એક સાથે ૨૦,૪૮૦ ખેલાડીઓએ ૧૦૦૦ જેટલા માસ્ટર્સ સાથે રમીને વિશ્વ વિક્રમ સર્જ્યો. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના હસ્તકની તમામ વીજ કંપનીઓના લગભગ ૩૦૦ જેટલા કર્મચારીઓએ તથા ૩૫ જેટલા માસ્ટર્સ તથા ૪ કર્મચારીઓ આર્બીટર તરીકે ભાગ લઇને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વ વિક્રમ નોંધાવવાના મહાયજ્ઞમાં સાથ આપ્યો હતો.

આ અગાઉ ૨૦ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલા ખેલ મહાકુંભમાં પણ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ હસ્તકની કંપનીના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ચેસ ટુર્નામેન્ટમાં ઉકાઇ થર્મલ પાવર સ્ટેશનના પી.ઓ.શ્રી કમલ લાડ તાપી જિલ્લામાં અને પીજીવીસીએલના શ્રી જી. કે. ચોટાઇ પોરબંદરમાં ચેમ્પિયન બની અમદાવાદ ખાતે ફાઇનલ ટુર્નામેન્ટમાં ભાગ લેવા પસંદગી પામ્યા હતા. શ્રી કિશોરસિંહ જેઠવાએ આર્બીટર તરીકે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવી હતી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ (કોઓર્ડિનેશન) શ્રી ડી.જી.પટેલના સીધા માર્ગદર્શન અને શ્રી કે. કે. સોની જનરલ મેનેજર (એચઆર)ના નેતૃત્વ હેઠળ ચીફ નોડલ ઓફિસર તરીકે શ્રી શૈલેષ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર), યુજીવીસીએલની નિયુક્તિ કરી તમામ કંપનીમાં નોડલ ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટના શ્રી કિશોરસિંહ જેઠવા, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના શ્રી જે. ટી. પેશવાની, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના શ્રી કે. એન. પરીખ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના શ્રી ડી. એન. દેસાઇ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના શ્રી શૈલેષ જોશી સામેલ હતા અને અન્ય રસ ધરાવતા તમામ કર્મચારીઓનાં નામનું રજિસ્ટ્રેશન ખેલાડીઓ તથા માસ્ટર તરીકે કરવામાં આવેલ હતું. યુજીવીસીએલના શ્રી અજય વખારિયા, ડીજીવીસીએલના શ્રી દિપક દેસાઇ અને શ્રી એમ. કે. પઠાણે આયોજકની જરૂરિયાતોને અનુલક્ષીને આર્બીટર તરીકે ફરજ બજાવી હતી. આમ લગભગ ૩૦૦ જેટલા કર્મચારી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




મોટાભાગના માસ્ટરોએ સ્પર્ધાના નિયમોને અનુલક્ષીને ૨૦ ખેલાડીઓ સાથે રમવાનું હતું અને ૮૦ ટકા જીતવાનો સ્કોર કરવાનો હતો. જે તમામ માસ્ટર દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હતું અને ૯૦થી ૧૦૦ ટકા જીતવાનો સ્કોર મેળવવામાં સફળતા મેળવી વિશ્વ વિક્રમ સ્થાપવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન પ્રદાન કર્યું હતું.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઇન્ટરનેશનલ રેટેડ પ્લેયર (FIDE) આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) શ્રી શૈલેષ નાયકને આ ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિશ્વ વિજેતા શ્રી વિશ્વનાથન આનંદ સાથે રમનારા ગુજરાતના જાણીતા ૬૪ ખેલાડીઓ પૈકી રમવા માટે આમંત્રણ આપીને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા બહુમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને રમતગમતના માધાંતાઓ ઉપરાંત ગુજરાત તથા હિન્દી ફિલ્મના ખ્યાતનામ ગુજરાતના કલાકાર શ્રી પરેશ રાવલ અને શ્રી મનોજ જોશીએ હાજરી આપીને સમગ્ર પ્રસંગને શોભાવ્યો હતો.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની કંપની પૈકી યુજીવીસીએલના ભાગ લેનાર માસ્ટર્સમાં મુખ્ય છેઃ શ્રી એસ. એ. નાયક, શ્રીમતી આશાબહેન ખાલપડે, શ્રી દેવીબહેન યુ. શાહ. ■



ક્રિકેટ ટુર્નામેન્ટ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટ નવેમ્બરની ૨૦,૨૧ અને ૩૦મી તારીખે પાલનપુરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઇ હતી. આ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલની ટીમ સતત ત્રીજીવાર ચેમ્પિયન બની વિજયની હેટ્રિક બનાવી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હેઠળની પાંચ ટીમોમાં પાલનપુર અને કોર્પોરેટ ઓફિસ મહેસાણાનો પણ સમાવેશ થાય છે. ટુર્નામેન્ટની સૌ પ્રથમ મેચ કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા સર્કલ વચ્ચે રમાઇ હતી. આ મેચમાં મહેસાણા સર્કલનો આઠ વિકેટથી વિજય થયો હતો. આ મેચમાં બેટ્સમેન તરીકે શ્રી એચ.એમ. ઓઝાએ મહેસાણા સર્કલ તરફથી સૌથી વધુ ૨૮ રન કર્યા હતા, જ્યારે કોર્પોરેટ ઓફિસમાંથી શ્રી નિલેશ પટેલે સૌથી વધુ ૧૬ રન કર્યા હતા.

ટુર્નામેન્ટ દરમિયાન પહેલી સેમીફાઇનલ મેચ હિંમતનગર અને સાબરમતી સર્કલ વચ્ચે રમાઇ હતી. આ મેચમાં શ્રી આરીફ ખણુસીયાએ ૭૫ રન અણનમ ફટકાર્યા હતા જ્યારે શ્રી એમ. કે. ચૌધરીએ ૨૪ અને ભાવેશે ૨૬ રન કર્યા હતા. આમ કુલ સ્કોર ૧૬૧ના આંકડો પહોંચ્યો હતો. આ જુમલાના જવાબમાં સાબરમતીની આખી ટીમ ૧૨૫ રનમાં ઓલ આઉટ થતાં ૩૬ રનથી પરાજિત થઇ હતી. સાબરમતી તરફથી શ્રી ગામીતે ૫૫ રન કર્યા હતા જ્યારે શ્રી જીગર શાહે ૨૩ રન કરીને મેચને બચાવવાનો સખત પ્રયત્ન કર્યો હતો.

ટુર્નામેન્ટ દરમિયાન બીજી સેમીફાઇનલ મેચમાં પાલનપુલ સર્કલ દ્વારા ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૧૧૬ રનનો સ્કોર કર્યો હતો જેમાં શ્રી વી. એસ. રાવલના ૪૧ રન મુખ્ય હતા.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી યોજાયેલી ટુર્નામેન્ટની ફાઇનલ મેચ તા.૩૦મીના રોજ હિંમતનગર અને પાલનપુર વચ્ચે રમાઇ હતી જેમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં હિંમતનગર સર્કલ દ્વારા ૧૨૪ રનનો સ્કોર કર્યો હતો. આમાં શ્રી આરીફ ખણુસીયાના ૩૦ રન મુખ્ય હતા. શ્રી ડી. ડી. રાઠોડ દ્વારા પાલનપુલ તરફથી ચાર વિકેટ લેવામાં આવી હતી. બીજી બેટિંગ કરતાં પાલનપુરની ટીમે ખુબ જ સહેલાઇથી પાંચ વિકેટે જીત મેળવી સતત ત્રીજા વર્ષે ટ્રોફી જીતી હતી. પાલનપુર તરફથી શ્રી નરેશ સોલંકીએ ૫૧ રન અણનમ કરી વિજય મેળવવાનો મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

આ વર્ષની ટુર્નામેન્ટમાં ક્રિકેટ મેચ પૂર્ણ થયા પછી ઇનામ વિતરણનો કાર્યક્રમ થયો હતો જેમાં મુખ્ય મહેમાન બનાસકાંઠા જિલ્લાના પોલીસ અધિક્ષક માનનીય શ્રી હરિકૃષ્ણ પટેલ તથા કંપનીના સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી એસ. વાય. ડામોરે હાજરી આપી હતી. ટુર્નામેન્ટના વિજેતાઓને ટ્રોફી શિલ્ડ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટની તમામ મેચોમાં એમ્પાયર તરીકે શ્રી ભરતભાઇ વર્ગી અને શ્રી મુજાઇદીનભાઇએ સેવા પ્રદાન કરી હતી. ઇન્ટર સર્કલ કંપની માટેની પસંદગી માટે નિવૃત્ત કાર્યપાલક ઇજનેર શ્રી ઇકબાલ સૈયદ અને જેટકોના શ્રી વિરેનભાઇ મહેતા અને આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) શ્રી શૈલેષ નાયકે હાજરી આપી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી યોજાયેલી ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે અને સમાપન સમારંભના કાર્યક્રમ સમયે સુંદર સંચાલન ગઢ સબ ડિવિઝનના જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ) શ્રી સ્નેહલ જોષીએ સફળતાપૂર્વક કર્યુ હતું. ■



## યુજીવીસીએલના ગરબામાં મહાલી મહિલાઓ

મહિલા હોય અને ગરબામાં ભાગ ન લે એ વિચારવું પણ અશક્ય છે. આદ્યશક્તિ માતાની ભક્તિ અને આરાધનાના નવરાત્રિ પ્રસંગો માત્ર પોળમાં કે પાર્ટી પ્લોટમાં જ યોજાય તેવું નથી હોતું. હવે મહિલા પોતે વર્કિંગ વુમન છે અને તે પોતાના કાર્યસ્થળે પણ થોડો સમય કાઢી દરેક તહેવારો અને પ્રસંગોને ઉત્સાહપૂર્વક ઉજવવાનું આયોજન કરી જ લેતી હોય છે.

કોર્પોરેટ ઓફિસો હોય કે સરકારી, હવે તો અધિકારીઓ પણ મહિલાઓને તેમના દરેક કાર્યો અને કુશળતાને આગળ લાવવાના કાર્યક્રમો આયોજિત કરતા હોય છે. આવા જ એક પ્રસંગમાં યુજીવીસીએલ-જેટકો તરફથી કોલોનીના કોમન પ્લોટમાં મનજાગૃત મહિલા મંડળ દ્વારા ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસંગના શુભારંભ સમયે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન પટેલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા મંડળની સભ્ય બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હતી અને તેમણે ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો.

યુજીવીસીએલના મુખ્ય ઇજનેર શ્રી પી. જે. પટેલ તથા અન્ય અધિકારીગણ ઉપરાંત સ્ટાફના ભાઇઓએ પણ કાર્યક્રમમાં ઉત્સાહભેર હાજરી આપી હતી. સાંજના સમયે કોમન પ્લોટમાં શરૂ થયેલી ગરબાની રમઝટમાં બહેનો અને ભૂલકાંઓ મન મૂકીને ગરબામાં મહાલ્યાં હતાં. ■

# રોમાંચક ઈન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ : દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા દ્વારા તાબા હેઠળની તમામ વીજ કંપનીઓના કર્મચારીઓ પોતાના કાર્યકાળ દરમિયાન ઓફિસના કામમાંથી થોડી મોકળાશ મેળવી રિફ્રેશ થઇ શકે તેમ જ ત્યાર બાદ પોતાની કામગીરી વધુ ઉત્સાહભેર રીતે કરી શકે તેવા ઉદ્દેશ્યથી રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરી કર્મચારીઓના ઉત્સાહને વધારવાનું કામ સતત કરે છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કરવામાં આવેલ જોગવાઇના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપનીને ઇન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ માટે યજમાન બનાવવામાં આવેલ. અગાઉ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ચેસ, ટેબલ ટેનિસ, કેરમ, ક્રિકેટ ટુર્નામેન્ટના સફળ આયોજનો હાથ ધરવામાં આવેલ. તા.૮ અને ૯ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કુંભારિયાજીના પટાંગણમાં રમાડવામાં આવેલી આ ટુર્નામેન્ટમાં અત્યંત રોમાંચક મેચોને અંતે ફાઇનલમાં પ્રવેશેલ ડીજીવીસીએલ અને યુજીવીસીએલની ટીમ પૈકી ડીજીવીસીએલની ટીમે યુજીવીસીએલની ટીમને પરાજય આપી ઇન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ જીતી લીધી હતી. જ્યારે યુજીવીસીએલ ટીમ રનર્સ-અપ બનેલ છે.

ગુજરાત વિદ્યુત બોર્ડ તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભૂતકાળમાં આયોજિત



વૉલીબૉલ ટુર્નામેનટ પૈકીની ટુર્નામેન્ટો પૈકીની આ ટુર્નામેન્ટ તેની તમામ મેચોમાં થયેલ રસાકસી માટે હંમેશાં યાદ રહેશે. તમામ મેચો તેના છેલ્લા સેટ સુધી રોમાંચક રહેલ. ક્યારે કઇ ટીમ મેચ જીતી જશે તેમ કલ્પવું મુશ્કેલ સાબિત થતું હતું.

આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં પધારેલ આમંત્રિત મહેમાનોમાં ડેપ્યુટી કલેક્ટર તથા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર શ્રી જી. એલ. પટેલ, નાયબ મહાપ્રબંધક (એચઆર) જીયુવીએનએલ શ્રી એમ. એ. શેખ, પાલનપુરના અધિક્ષક ઇજનેર શ્રી ડી. એસ. પટેલ, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અંબાજીના આચાર્ય શ્રી વી. કે. વૈષ્ણવ, અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેમ્પસ ડિરેક્ટર શ્રી કુશવાહ સાહેબ, ઔદ્યોગિક સંબંધક અધિકારી શ્રી એસ. વાય ડામોર, પાલનપુર-૨ના કાર્યપાલક ઇજનેર શ્રી જે. એમ. મોચી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરાના નાયબ મહાપ્રબંધક (એચઆર) શ્રી એમ.એ. શેખે તેમના પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજિત કરવામાં આવેલ વિવિધ રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગેનો ચિતાર આપ્યો હતો. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવેલા ખેલ મહાકુંભમાં વિવિધ કર્મચારીઓ તથા તેમના બાળકો દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર દેખાવની વિગતો આપી હતી. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષે રમગગમતની ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવે છે તેની ખાસ નોંધ લીધી હતી.

તા. ૦૯-૦૧-૧૧ના રોજ ફાઇનલ મેચ પૂર્ણ થતાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની વોલીબોલ ટુર્નામેન્ટ માટેના ખેલાડીઓની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે સિલેક્ટર શ્રી કે. એસ. ઠાકોર, શ્રી જી. ટી. ઝાલા અને શ્રી એ. એ. મલાવતે ફરજ બજાવી હતી.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારીએ હાજર રહીને તમામ ખેલાડીઓમાં ઉત્સાહ પૂર્યો હતો. ચેમ્પિયન ટીમના કેપ્ટન તથા તમામ ખેલાડીઓને ટ્રોફી અને ટીશર્ટ એનાયત કરવામા આવ્યાં હતા. શ્રી એસ. વાય ડામોરે રનર્સ અપ થયેલી ટીમના ખેલાડીઓને ટ્રોફી અને ટી શર્ટ એનાયત કર્યાં હતાં. શ્રી સ્નેહલ જોશી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ■

## ઈન્ટર કંપની સંગીત અને નાટ્ય સ્પર્ધામાં યુજીવીસીએલના કર્મચારીઓ ઝળકયા

તા. ૧૭/૦૧/૨૦૧૧ના રોજ સાર્વજનિક વિદ્યાલયના કમળાબા હોલ, મહેસાણા ખાતે કોર્પોરેટ ઓફિસ દ્વારા ઈન્ટર સર્કલ સંગીત અને નાટ્ય સ્પર્ધાનું આયોજન વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી તથા આઈ.આર. ઓ. શ્રી એસ. વાય.ડામોરની હાજરીમાં કરવામાં આવેલ. જેમાં નાટ્ય તથા સંગીત સ્પર્ધામાં સામે મુજબના કર્મચારીઓની પસંદગી કરવામાં આવેલ. જેમાં તા.૨૨ થી



૨૪ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન હસ્તકના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં યોજાયેલ ઈન્ટર કંપની સંગીત સ્પર્ધાની ઈન્સ્ટ્રુમેન્ટલ કેટેગરીમાં સાબરમતી વિભાગીય કચેરી ખાતે ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટન્ટ) તરીકે ફરજ બજાવતા શ્રી ડી.એમ.જોષીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. જ્યારે નાટક સ્પર્ધામાં નિર્ણાયકોના સૂચનને ધ્યાનમાં લઈને બેસ્ટ કોસ્ચ્યુમ અંગેનું ઈનામ પ્રાપ્ત કરી ઉત્તર ગુજરાત વીજ કંપનીને સ્પર્ધકોએ ગૌરવ અપાવેલ. ■

## વિસ્તરેલા વિચારો

ક્ષિતિજે હવે વ્યાપ ટૂંકા કર્યા છે
કે મારા વિચારો વધુ વિસ્તર્યા છે

વસંતે આ વૃક્ષોને ઘેલા કીધાં છે
જુઓ પાંદડા સાવ લીલા ખર્યા છે

અમે મયકદાને જ મેવાડ માની
બની આજ મીંરા, હળાહળ ભર્યા છે

કરે આજીજી દુરથી મૃગજળો પણ
હરણ, સાંભળ્યું છે હવે વિફર્યા છે

વિવિધ ચેક ફાટે જનાજે જનાજે
ન સમ ખાવા એકેય પાછા ફર્યા છે

---

## ડરતો માણસ

અરમાનોના ફુગ્ગા લઈને ફરતો માણસ
સૌની પાસે ટાંકણીઓથી ડરતો માણસ

ઘુઘવે દરિયો, અણગમતી ઘટનાનો ત્યારે
નાની અમથી પ્યાલી સાંજે ભરતો માણસ

આકાશે ખરતાં તારાની વાટે કાયમ
ઈચ્છા ઈચ્છા કરતો અંતે ખરતો માણસ

હું પદની ટોચે બેઠેલો, સંજોગોએ
અલાબેલી ચોકટ પર કરગરતો માણસ

મરજીવો થઈ દળદળમાં ઉતરતો જાતો
મડદું થઈને ખાલી હાથે તરતો માણસ

---



**કવિતાબહેન ઝાલા**
*જુનિયર આસિસ્ટન્ટ,*
*સાબરમતી*



## ઈન્દ્રપુરામાં (વન ડે વન ડિસ્ટ્રીક્ટ)

પ્રશ્થી થયા નથી પરેશાન,
ઉકેલની સદા અમે મજા માણી છે.

કરતાં રહીએ ખૂબ મથામણ,
અમે સફળતાની કિંમત જાણી છે.

છેવાડે ઘર ઓરડે પ્રગટે દીવડો,
તો ભાઈ આપણે રોજ દીવાળી છે.

માસુમ ચહેરા હોય ફુલ શા પુલકિત,
અમે આંગણવાડી આ અજવાળી છે.

ગોરજટાણે હજુએ જીવે છે ગામડું,
ખેતર શેઢે વીજ ચમકતા વારિ છે.

દૂધ ને માનવી બેઉ ઉભરાયા ડેરીએ,
આવો, આ પરિશ્રમની કહાણી છે.

---

**ઘનશ્યામ પટેલ**
*નાયબ ઈજનેર, વિજાપુર*



## પ્રત્યેક દિને, પ્રત્યેક પળે,
## વીજબચતના સંકલ્પે, ગુજરાત ઝળહળે

---

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

આપણું
# યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in